

# યોગીજી મહારાજનું જીવન અને કાર્યો

~ યાદવ રશ્મિતા બટુકભાઈ (B.A.; SEM-04) યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી

*બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની શતાબ્દી પ્રસંગે સ્થપાયેલા યોગીજી મહારાજ મહાવિદ્યાલય, ધારી દ્વારા પ્રતિ વર્ષ અમેરિકા સ્થિત અક્ષરમુક્તો પૂ. પ્રેરણાબહેન અને પૂ. મીનેશભાઈ પટેલના સૌજન્યથી 'યોગીજી મહારાજ જીવનદર્શન' વિષય ઉપર વિદ્યાર્થિનીઓ નિબંધલેખન કરે છે. આ વર્ષે જે નિબંધને પસંદ કરવામાં આવ્યા છે તેમાંના બે નિબંધોમાંથી દ્વિતીય નિબંધ અત્રે યોગીજી મહારાજના પ્રાગટ્ય મંગલે પ્રકાશિત કરીએ છીએ. – તંત્રી*

યોગીજી મહારાજ સ્વામિનારાયણ સંપ્રદાયના સંત અને ભગવાન શ્રી સ્વામિનારાયણના આધ્યાત્મિક અનુગામી હતા. તેમણે ૧૬ વર્ષની ઉંમરે ગૃહત્યાગ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુ તરીકે દીક્ષા લીધી અને 'સાધુ જ્ઞાનજીવનદાસજી' નામ ધારણ કર્યું.

યોગીજી મહારાજનો જન્મ કાઠિયાવાડના અમરેલી જિલ્લાના ધારી નામના નાના શહેરમાં લુહાણા પરિવારમાં સંવત ૧૯૪૮ના વૈશાખ વદી બારશને દિવસે થયો હતો. તેમના પિતાનું નામ દેવચંદભાઈ તથા માતુશ્રીનું નામ પુરીબાઈ હતું. તેમનું બાળપણનું નામ 'ઝીણાભાઈ' હતું. માતા-પિતા વ્હાલથી તેમને 'ઝીણો' કહીને જ બોલાવતા. યોગીજી મહારાજ બાળપણથી ભણવામાં ખૂબ હોશિયાર હતા. દરેક ધોરણમાં એમનો પહેલો નંબર જ આવે અને ઇનામો પણ ખૂબ મળતાં. વર્ગમાં સૌથી હોશિયાર હતા.

ધારીના મંદિરની સેવા ઝીણાભાઈના કાકા મોહનભાઈ કરતા. પણ મોહનકાકા હવે વૃદ્ધ થઈ ગયા હતા અને વારંવાર માંદા પડી જતા હતા આથી તેમને ચિંતા હતી કે હવે ઠાકોરજીની સેવા કોણ કરશે ? તેવામાં એમની નજર ઝીણા એટલે કે યોગીજી મહારાજ ઉપર પડી. તેમણે તેમને સેવા કરવા પૂછ્યું. એ સમયે તેઓ ખૂબ રાજી થઈ ગયા અને આનંદમાં આવી ગયા. તેમણે તેમના કાકાને કહ્યું, 'તમે ચિંતા ના કરશો. હું ઠાકોરજીની સેવા કરીશ.' એ દિવસથી તેઓ શ્રી ઠાકોરજીની સેવા કરવા લાગ્યા. ઠાકોરજીને નવડાવે, ચંદન અર્ચે, કુમકુમનો ચાંદલો કરે, અગરબત્તીનો ધૂપ કરે, શ્રી ઠાકોરજી પાસે દીપ પ્રગટાવે, આરતી કરે અને આમ તેઓ શ્રદ્ધાથી પૂજા કરતા. તેઓ સવાર-સાંજ મંદિરમાં જ રહેતા અને ઠાકોરજીની સેવા કરતા તથા સંતો પધારે ત્યારે ભક્તિભાવથી તેમની સેવા કરતા. તેમની સેવા જોઈને બધા એમની પર રાજી થઈ જતા અને તેમને આશીર્વાદ આપતા.

સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્ય-માધવચરણદાસ સ્વામીના શિષ્ય હતા. તેમણે એમની ભક્તિ જોઈ. થાકી જાય તો પણ એ સેવા કરે એ જોયું. તેઓ તો તેમની સેવા અને ભક્તિ જોઈ ખૂબ પ્રસન્ન થઈ ગયા અને એક દિવસ તેમણે ઝીણાભાઈને પૂછ્યું, 'ઝીણા, સાધુ થઈશ ?' તેમણે નિર્દોષતાથી જવાબ આપ્યો 'હા સ્વામી ! સાધુ બનાવો તો સારું. મારી એ જ ઇચ્છા છે.'

સંવત ૧૯૬૫ના કારતક સુદ સાતમે તેમની ૧૬ વર્ષની ઉંમરે તેમણે ઘરનો ત્યાગ કર્યો અને મોટા ભાઈ સાથે જૂનાગઢ જવા નીકળ્યા. જૂનાગઢમાં સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીને મળ્યા. ૧૪ મેના દિવસે સ્વામીએ તેમને સ્વામિનારાયણના સાધુ તરીકે પાર્ષદી દીક્ષા આપી અને પછી તેઓ 'ઝીણાભગત' બન્યા. તેઓ એમના મંડળ સાથે સ્વામિનારાયણ ભગવાનની સેવા કરવા લાગ્યા.

યોગીજી મહારાજ તદ્દન નિઃસ્પૃહી હતા. નાના સાધુ હતા છતાં પણ કાંઈ ઇચ્છા નહોતી. આખો દિવસ કથા, કીર્તન, મુખપાઠ અને સેવામાં જ મગ્ન. તેમના મુખ્ય ગુરુ શાસ્ત્રીજી મહારાજ હતા. યોગીજી મહારાજ ઉંમરમાં નાના છતાં સેવામાં મહાન હતા.

સંવત ૧૯૬૭ના ચૈત્ર સુદ તેરસને દિવસે સવારે આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજે ઝીણાભગતને વડતાલમાં ખૂબ જ ધામધૂમથી ત્યાગીની દીક્ષા આપી અને 'સાધુ જ્ઞાનજીવનદાસજી' નામ પાડ્યું હતું. જૂનાગઢના સંતો-હરિભક્તો તેમને 'યોગી' કહીને જ બોલાવતા અને સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામી તેમને 'જ્ઞાનજી સ્વામી' કહીને બોલાવતા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના આધ્યાત્મિક વિકાસ માટે યોગીજી મહારાજે ઘણું કાર્ય કર્યું. રાત-દિવસ જોયા વગર ગામડે-ગામડે વિચરણ કર્યું-'દીવો ત્યાં દાતણ નહીં અને દાતણ ત્યાં દીવો નહીં.' જ્યાં જાય ત્યાં યોગીજી મહારાજનું સન્માન થતું. વર્તમાન ધરાવવા મુમુક્ષુઓની ભીડ થતી. ઉત્સવો અને સમૈયાઓની પરંપરા ચાલતી. સત્સંગ સમુદાય વધવા લાગ્યો. આથી યોગીજી મહારાજે ગામડે-ગામડે સત્સંગમંડળો સ્થાપ્યાં તથા તેમને પત્રવ્યવહાર દ્વારા માર્ગદર્શન મળી રહે તેવી વ્યવસ્થા શરૂ કરી. આ ઉપરાંત તેમણે અનેક પ્રસંશનીય કાર્યો કર્યાં. બે વખત અખિલ ભારતદર્શન યાત્રા કાઢી. હરિભક્તોને તેઓ ટ્રેન દ્વારા યાત્રા કરાવતા. તીર્થો પાવન કર્યાં અને કેટલાય મુમુક્ષુઓને સત્સંગમાં ખેંચ્યા. હરિભક્તોને આજ્ઞા કરીને, સરકારમાં ભલામણ કરીને છપૈયામાં 'છપૈયા સ્વામિનારાયણ' નામનું રેલવે સ્ટેશન શરૂ કરાવ્યું. યોગીજી મહારાજનું છપૈયામાં ભવ્ય સ્વાગત થયું હતું.

સ્વામીશ્રીનાં અદ્‌ભુત કાર્યોથી પ્રેરાઈને સૌ હરિભક્તોએ તેમની પાંસઠમી જન્મજયંતી સંવત ૨૦૧૨ના વૈશાખ વદ બારશના દિવસે સારંગપુરમાં ઊજવી. એક લાખ હરિભક્તોએ ભેગા થઈ યોગીજી મહારાજનાં યશોગાન ગાયાં.

શાસ્ત્રીજી મહારાજના સંકલ્પ પ્રમાણે સંવત ૨૦૧૮માં તેમણે મુંબઈમાં મોટું 'અક્ષરભવન' સ્થાપ્યું. મહેળાવમાં ગુરુ શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાન પર સુંદર મંદિર કરાવ્યું અને મૂર્તિપ્રતિષ્ઠા કરી. એમના ગુરુ શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમા પણ ત્યાં પધરાવી.

સંવત ૨૦૨૧ની સાલ આવી અને શાસ્ત્રીજી મહારાજને પ્રગટ થયાને સો વર્ષ થતાં હતાં. યોગીજી મહારાજની ૭૪ વર્ષની વૃદ્ધ અવસ્થા અને અસ્વસ્થ નાજુક તબિયત હોવા છતાં તે ઉત્સવ માટે શિળાયાની કડકડતી ટાઢમાં બત્રીસ દિવસમાં ૮૨ ગામડાંઓમાં પધરામણીઓ કરીને લાખો રૂપિયાની સેવા ભેગી કરી. આટઆટલું કષ્ટ તેમણે પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજની જન્મશતાબ્દી ઊજવવા માટે વેઠ્યું.

ત્યારબાદ પૃથ્વી પર સદ્‌વિદ્યાની પ્રવૃત્તિ વધે એ હેતુથી તેમણે વલ્લભવિદ્યાનગરમાં છાત્રાલય અને ગોંડલમાં ગુરુકુળની સ્થાપના કરી. ગોંડલમાં પ્રાથમિક અને માધ્યમિક શાળા પણ શરૂ કરાવી.

શાસ્ત્રીજી મહારાજ સંસ્થાપિત 'સ્વામિનારાયણ પ્રકાશ' સામાયિકનો પ્રસાર કરી ઘેર-ઘેર હરિભક્તોને વાંચતાં કર્યાં. દરેક કેન્દ્રમાં નિયમિત રવિવારની સભા ભરાય ને સત્સંગ સંબંધી માર્ગદર્શન ને સમાચાર મળી રહે એ હેતુથી 'સ્વામિનારાયણ સત્સંગપત્રિકા' નામની અઠવાડિક પત્રિકા બહાર પાડી.

યોગીજી મહારાજની મહત્તા એ હતી કે જુદા જુદા દરેક ધર્મના આચાર્યો અને મહંતોને તેમને માટે આદર હતો. તેઓ યોગીજી મહારાજ પાસે આશીર્વાદ લેવા અને માર્ગદર્શન મેળવવા પધારતા. એમનું કહેવું હતું કે, 'યોગીજી મહારાજ સૌના છે. યોગીજી મહારાજ કાંઈ સ્વામિનારાયણ સંપ્રદાયના જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના છે.'

યોગીજી મહારાજે લાખો પરધર્મીઓને સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત બનાવ્યા છે. ગમે તે ધર્મ કે પંથનો માણસ હોય તેમના સંપર્કમાં આવે એટલે નમી જ પડે, સત્સંગી બની જાય. તેમણે જૈન, શીખ, પારસી, મુસ્લિમ, આફ્રિકાના નેટિવો, યુરોપિયનો વગેરે પરધર્મીઓ ને પરભાષીઓને માર્ગદર્શન આપ્યું છે અને સત્સંગમાં ખેંચ્યા છે. યોગીજી મહારાજે નિઃસ્વાર્થભાવે ભગવાનની સેવા કરી અને સમગ્ર માનવજાતને સેવા અને ભક્તિનો ઉપદેશ આપ્યો. યોગીજી મહારાજનું સન્માન એટલે સમગ્ર માનવજાતના ઉદ્ધારક ! આ સૂચવે છે કે યોગીજી મહારાજનું વ્યક્તિત્વ કેટલું મહાન હતું ! માત્ર આપણા માટે જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વ માટે યોગીજી મહારાજ પ્રેરણાદાયી સ્વરૂપ છે. ◆

## શ્રદ્ધાંજલિ



**પૂ. દશરથભાઈ રાણા :** મોગરીમાં નિવાસ કરતા અનુપમ સ્વજન દશરથભાઈ રાણા અચાનક આવી પડેલી ટૂંકા સમયની બીમારીને અંતે ૧૯ એપ્રિલ ૨૦૨૫ના રોજ અક્ષરધામ સિધાવ્યા. કચ્છમાં ભૂકંપ બાદ કચ્છથી સ્થળાંતર થઈ મોગરીમાં રહેવા આવ્યા અને સંતોનો યોગ હતો તેથી અનુપમ મિશનની સેવાકીય તથા સત્સંગની પ્રવૃત્તિમાં સક્રિય થયા. વર્ષો સુધી શ્રી યોગી આરોગ્ય કેન્દ્રનું સફળ સંચાલન કરીને સંતોને હાશ અપાવે તેવી જવાબદારી નિભાવી ભક્તિ અદા કરી. તેઓનાં ધર્મપત્ની મીનાબહેન, પુત્ર વિકીભાઈ (યુ.એસ.એ.) અને દીકરી પલકબહેન (કૅનેડા) પણ સત્સંગમાં ઓતપ્રોત થયાં. સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોમાં અપાર વિશ્વાસ સેવનાર પરિવારનાં સૌને પ્રભુના કર્તાપણાની દૃઢ નિષ્ઠા, તેથી દશરથભાઈના નિધનથી આવી પડેલ દુઃખના સમયમાં પણ સમતાથી રહી શક્યાં. ભક્તિના પાઠને જીવનમાં ઉતારનાર આવા ભક્તો આદર્શ છે. ગુરુહરિની પ્રસન્નતાનાં પાત્રો સમા દશરથભાઈ રાણા અને પરિવારજનોની ભક્તિને વંદન ! દશરથભાઈ રાણાની સ્થૂળ વિદાય પ્રસંગે તેઓનો આત્મા સુગતિ પામી નવા જન્મે પ્રભુના જોગમાં રહી આત્માની પ્રગતિ સાધે તેવી પ્રાર્થના ! ◆



**પૂ. અંબાલાલભાઈ પટેલ :** અમદાવાદ મંડળના જૂના સત્સંગી અને નિષ્ઠાવાન અક્ષરમુક્ત પૂ. અંબાલાલભાઈ પટેલ ૨ મે ૨૦૨૫ના રોજ અક્ષરધામ સિધાવ્યા. તેઓને સંતભગવંત સાહેબજીનો યોગ થયો અને સત્સંગમાં ઓતપ્રોત થયા. સમગ્ર પરિવારને સત્સંગમાં જોડ્યો. સદ્‌ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદા સાથે જીવની પ્રીતિ કરી અને સાધુ પૂ. રજનીદાસજી, પૂ. ગૌતમદાસજી જેવા દિવ્ય સંતો સાથે સતત સમાગમમાં રહી આત્માનું કલ્યાણ કરી લીધું. તેઓના દીકરા બિરેનભાઈને પણ સત્સંગની સેવા અને સંતો સાથેના સંબંધનો સંસ્કારવારસો આપ્યો. સદા નિયમિત રીતે સત્સંગ, સેવા અને સત્સંગસભામાં પ્રવૃત્ત રહીને ભક્તિનો આદર્શ પૂરો પાડનાર પૂ. અંબાલાલભાઈને વિદાયવેળાએ વંદન ! ◆